Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

નં. એકેડેમિક/૪૨૬૮/૨૦૨૦ તા.03/૧૧/૨૦૨૦

પરિપત્ર: ૨૨૨૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીમાં એડમિશન લેતા તમામ વિદ્યાર્થીઓને આ સ્થળાંતર પ્રમાણપત્ર એટલે કે માઈગ્રેશન સર્ટીફીકેટની જરૂર પડે. જેની ઓનલાઈન લીંક યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in પર મૂકવામાં આવેલ છે. જે ફોર્મ ઓનલાઈન ભરી તે ફોર્મમાં આચાર્યશ્રીના સહીસિક્કા, તેમજ જરૂરી દસ્તાવેજ સામેલ કરીને યુનિવર્સિટી ખાતેથી રૂબરૂમાં કાર્યાલય સમય દરમ્યાન મેળવી લેવાનું રહેશે. જેની આશ્યક સૂચનાઓ આ સાથે સામેલ છે.

ખાસ નોંધ: આ પરિપત્ર પ્રસિદ્ધ થયેથી ઓફલાઈન ભરેલ ફોર્મ કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી, જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ: આશ્યક સૂચનાઓ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

## :: માઈગ્રેશન સર્ટીફીકેટ માટેની આવશ્યક સૂચનાઓ ::

1. માઈગ્રેશન સર્ટીફીકેટની જરૂરિયાત કોને પડે? - જો કોઈ વિદ્યાર્થી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવાનું થાય ત્યારે માઈગ્રેશન સર્ટીફીકેટની જરૂર પડે છે.
2. માઈગ્રેશન સર્ટીફીકેટની ફી રૂ/- ૨૦૦ નિયત કરવામાં આવેલ છે. જે ફક્ત Online Payment Gateway ના માધ્યમથી ભરવાની રહેશે. એ સિવાય કોઇપણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી. એકવાર ફી ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.
3. છેલ્લા ૨ સેમેસ્ટરની માર્કશીટ, ટ્રાન્સફર સર્ટીફીકેટ અને PAEC (જે યુનિવર્સિટીમાં એડમીશન લેવાનું છે તે યુનિવર્સિટીનું) આ તમામની કલર સ્કેન કરેલ ડોક્યુમેન્ટ JPG/PDF (Maximum 250 KB) સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે અપલોડ કરવાના રહેશે.
4. Online Form ફિલઅપ અને સબમિટ થયા પછી ફોર્મની પ્રિન્ટ લઈને જે કોલેજમાં અભ્યાસ કર્યો હોય ત્યાં જઇને કોલેજના આચાર્યશ્રી/હેડ ઓફ ડીપાર્ટમેન્ટના સહી-સિક્કા કરાવવાના રહેશે. તેમજ તે કોલેજનું ઓરીજીનલ ટ્રાન્સફર સર્ટીફીકેટ લેવાનું રહેશે.
5. માઈગ્રેશન ફોર્મની પ્રિન્ટ સાથે કોલેજના આચાર્યશ્રીના સહી-સિક્કા સાથેનું ઓરીજીનલ ટ્રાન્સફર સર્ટીફીકેટ અને છેલ્લા ૨ સેમેસ્ટરની માર્કશીટ જોડીને રૂબરૂમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ ફોર્મ ચેક કરીને જો કોઈ પ્રકારની ક્વેરી નહી હોય તો જ માઈગ્રેશન સર્ટીફીકેટ આપવામાં આવશે. જો કોઈ ક્વેરી હશે તો તેનું નિરાકરણ થયા બાદ માઈગ્રેશન સર્ટીફીકેટ આપવામાં આવશે.
6. ફોર્મ જમા કરાવ્યા બાદ ફોર્મ ચેક કરીને માઈગ્રેશન ફોર્મની અરજીઓના વર્કલોડ મુજબ આપવામાં આવશે.
7. બીજો/ચોથો શનિવાર અને રવિવાર તેમજ અન્ય જાહેર રજાના દિવસો સિવાયના દિવસોમાં ઓફિસ સમય દરમિયાન વેરિફિકેશન થઈ શકશે.
8. જો કોઈ તકનીકી કે આકસ્મિક કારણો નહી હોય તો માઈગ્રેશન સર્ટીફીકેટ જેટલું શક્ય હશે તેટલું વહેલું આપવામાં આવશે.
9. જો કોઇપણ કારણોસર માઈગ્રેશન ફોર્મ રદબાતલ કરવાનું થાય તો તે અંગે નિર્ણય કરવાનો અબાધિત અધિકાર શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો રહેશે. જે અરજદારને બંધનકર્તા રહેશે.